सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૫૮/૨૦૨૬**
**આંકઃ-૧૧**

**અરજદાર/આરોપી** **ઝાલા લાલસિંહ ધીરૂભા**
ઉ.વ.આ.૪૨, ધંધો.વકીલાત,
રહે.૮ ભાગ, મુ.મગુના, તા.જી.મહેસાણા.
(હાલ મહેસાણા જીલ્લા જેલ)

**વિરૂધ્ધ**

**સામાવાળા** – **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

---

અરજદાર/આરોપી તરફે **:-** વિ.વ.શ્રી.એસ.કે.બારોટ
સરકાર તરફે **:-** વિ.સરકારી વકીલ.શ્રી.પી.કે.દવે

---

**વિષય :–** બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજ

---

## -// ચુકાદો //-

(૧) અરજદાર આરોપીને સાંથલ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૬૦૬૧૨૬૦૦૪૦/૨૦૨૬ બી.એન.એસ.ની ક.૧૧૫(૨), ૧૧૮(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની ક.૧૩૫ મુજબના ગુનાના કામે અટક કરી કોર્ટમાં રજુ કરતા જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલા છે. તેવા સંજોગોમાં આરોપીએ બી.એન. એસ.એસ. ની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત થવા માટે હાલની અરજી ગુજારેલ છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો કે, આ કિસ્સામાં હાલના આરોપીનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. બનાવ સંદર્ભે પી.સી.આર. વાન માટે પોલીસ કંર્ટોલ રૂમમાં બપોરના ૧.૨૮ વાગ્યે જાણ કરવામાં આવેલી અને પોલીસ સ્થળ ઉપર આવેલ હતી ત્યાં સુધી કોઈ બનાવ બનેલો નથી. અરજદારે ફરિયાદ મુજબનો કોઈ ગુનો કરેલ નથી. આ ફરીયાદની વિગતો પાછળથી ખોટી ઉભી કરવામાં આવેલી છે. આ કેસમાં કોઈ ઈજા પામનાર અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ નથી અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતુ નથી. આ કિસ્સામાં જમીનનો અંદરો-અંદરની દિવાની તકરાર છે અને તેને ખોટી રીતે ફોજદારી સ્વરૂપ આપવામાં આવેલ છે. આવા સંજોગોમાં આરોપી નાસી કે ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. તે સંજોગોમાં આરોપીને શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વ.શ્રીની લંબાણપૂર્વક ની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં બનાવ જે જગ્યાએ બનેલો છે તે સ્થળ ઉપર હાલના આરોપી હાજર હતા તેમજ ઈજા પામનારને ધારીયાથી ઈજા કરવામાં આવેલી છે અને ઈજા પામનારને એક અઠવાડિયા સુધી અંદરના દર્દી તરીકે રહેવું પડેલ છે અને પક્ષકારો એક જ કુટુંબના વ્યક્તિઓ છે તેમજ ગુનાની તપાસ ચાલુ છે તેથી આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર (રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) મુળ ફરિયાદી તરફે રજુ કરવામાં આવેલ સોગંદનામાંની વિગત ધ્યાને લીધી.

(૫) આ કામે ત. ક. અ. નું સોગંદનામુ ધ્યાને લીધું તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૬) આ કામે એફ.આઈ.આર. તથા પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેવામાં આવે અને ફરિયાદીનું સોગંદનામું ધ્યાને લેવામાં આવે તો હાલમાં કોઈપણ ઈજા પામનાર અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ નથી અને જીવન–મરણ વચ્ચે ઝોલાં ખાતા હોય તેવું પણ નથી. વધુમાં આ કામે પોલીસ તપાસના કાગળોની વિગતો જોતા પોલીસને હાલના આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે કાયદેસરની, વ્યાજબી, પુરતી તક અને સમય મળેલો છે અને હાતના આરોપીની પુરતી મહદઅંશની તપાસ પુરી થઈ ગયેલ છે. વધુમાં આ કામે આરોપી તરફે આંક–૧૦ ના લિસ્ટથી જે કાગળો રજુ કરવામાં આવેલા છે તે મુજબ પોલીસને જે તે સમયે વર્ધી આપવામાં આવેલી હતી અને પોલીસ સ્થળ ઉપર આવેલી અને કોઈ ઈમરજન્સી નથી તેવો પોલીસનો રીપોર્ટ પણ છે. આવા સંજોગોમાં એકંદર હકીકતે આરોપી નાસી કે ભાગી જાય તેવો જણાતો નથી અને ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. જેથી તમામ બાબતો અને સંજોગો જોતા આરોપીને અત્યંત કડક શરતોને

આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા જોઈએ તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ હાલના આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આથી આરોપીએ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપેથી આરોપીને સાંથલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦૬૧૨૬૦૦ ૪૦/૨૦૨૬ થી બી.એન.એસ.ની ક.૧૧૫(૨),૧૧૮(૨), ૩૫૧ (૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટની ક.૧૩૫ મુજબના ગુનાના કામે શરતોને આધારે રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

૧. આરોપી પોતે જયાં રહેવાના હોય ત્યાંનું સરનામુ ફોટાવાળા સોગંદનામાથી જાહેર કરવુ અને કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય સરનામુ બદલવુ નહિ.

૨. આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને જાતે કે કોઈ વ્યકિત મારફતે ધાક, ધમકી આપવી નહી તેમજ કોઈ અન્ય રીતે તોડવા ફોડવાનો કોઈ પ્રયત્ન કરવો કરાવવો નહી.

૩. આરોપીએ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહિ.

૪. આરોપીએ ૬ માસ સુધી સાંથલ ગામમાં પ્રવેશ કરવો નહિ.

૫. આરોપીએ જામીન મુકત થયા બાદ ૬ માસ સુધી દર સોમવારે સાંથલ પોલીસ સ્ટેશનમાં સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ માં નિયમિત હાજરી પુરાવવી અને હાજરી પુરાવવા સમય પુરતો સાંથલ ગામમાં પ્રવેશ કરી શકશે.

૬. આરોપીએ પોતાનો પાસપોર્ટ દિન-૦૭ માં અદાલતમાં જમા કરાવવો.

૭. આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહિ.

૮. આરોપીએ પોતાની સ્વપાર્જીત તેમજ વડીલોપાર્જીત મિલકતની વિગત ફોટાવાળા સોગંદનામાથી જાહેર કરવાની રહેશે.

હુકમની જાણ જેલર મારફતે આરોપીને જેલમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૯/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧